ગાંધીનગર સમાચાર

જિલ્લાની ૧૯૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તૈયારીઓ

# ગાંધીનગરના ૬ તેજસ્વીઓ સી.એ. ફાઈનલમાં ઉત્તિર્ણ

**ગાંધીનગર કેન્દ્રમાંથી ૧૨૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : પરિણામ ૫ ટકા : હવે સી એ નો હાઉ રાખવાની જરૂર નથી : ફાઇટીંગ સ્પીરીટ અનિવાર્ય હાર બાદ જીતનો આત્મવિશ્વાસ કેળવવો અનિવાર્ય : તેજસ્વીઓ**








ગાંધીનગર તા ૨૦

સી એ ની પરીક્ષામાં ગાંધીનગરના ૬ પરિક્ષાર્થીઓ પાસ થયા છે. શહેરમાંથી ૧૨૦ પરીક્ષાર્થીઓએ સી એ ની પરીક્ષા આપી હતી.જયારે આ પૈકી ૫ વિદ્યાર્થીઓ ગાંધીનગરમાં જ પરીક્ષાની તૈયારી કરી પાસ થયા છે. સી એ માં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૫ ટકા આવ્યુ છે. કોમર્સના ડોકટર થવાની આ કસોટી સામાન્ય રીતે વિદ્યાર્થીગણ માટે કપરી પુરવાર થતી હોવાનુ મનાય છે. ત્યારે નગરના આ તેજસ્વી વિદ્યાર્થીઓના મતે સી એ ની કસોટી પાર કરવા માટે હવે અમદાવાદ જ જવુ પડે તેમ નથી. એજયુકેશન હબ બનતા નગરમાં પણ તાલીમ વર્ગો થકી પરીક્ષાર્થીઓની મહેનત રંગ લાવે છે. સી એ ના ટોપર્સના મતે સ્પોર્ટસની જેમ અભ્યાસમાં પણ ફાઈટીંગ સ્પીરીટ જરૂરી છે. સી એ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પણ ભાર વિનાના ભણતરનો અભિગમ કેળવી તણાવ રાખ્યા વગર હાર્યા બાદ પણ કેમ જીતવુ તેવો અતુટ આત્મવિશ્વાસ કેળવી લેવાની અનિવાર્યતા છે.

કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓમાં સી એ નો અભ્યાસ કરવાનુ ઉજજવળ શૈક્ષણિક કારકીર્દી માટે જરૂરી હોવાનો અભિગમ મજબુત બન્યો છે. હાલના સમયમાં વિદ્યાર્થીઓનો સ્ટડી ટેસ્ટ આ તરફ વળ્યો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જેના પરિણામે સી એ ના અભ્યાસ માટેની જરૂરી તૈયારી માટે અમદાવાદ સહીત ગાંધીનગરમાં પણ વર્ગો ધમધમી રહયા છે. સી એ ફાઈનલની પરીક્ષામાં ગાંધીનગરના ૬ વિદ્યાર્થીઓ ઝળકયા છે. સી એ ની પરીક્ષામાં ગાંધીનગરમાં સે-૨૧ રહેતી નિર્હા દેસાઈ સે-૨૨ ની અપુર્વા પ્રજાપતિ, સે-૪ ના પરિક્ષિત દવે,પેથાપુરના સંજય પ્રજાપતિ તેમજ નગરના ભાર્ગવ પટેલ અને સચિ શાહે તેજસ્વી પરિણામ પ્રાપ્ત કરી નગરનુ ગૌરવ વધાર્યુ છે. નગરના આ ૬ તેજસ્વી વિદ્યાર્થીઓ પૈકી પાંચે ગાંધીનગરની નેકસ્ટ કોમર્સ એજયુકેશન પ્રા લી માં અભ્યાસ કરી ઉજજવળ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. સે- ૧૬ ઘ-૫ પાસે કાર્યરત આ

● અનુસંધાન પાન-૭ પર

# વર્લ્ડ સ્કૂલ ગેમ્સના વિજેતાઓનું ભવ્ય સ્વાગત

**તુર્કી ખાતે કુસ્તીની રમતમાં પદક વિજેતા અમીન શરીફ, જ્યોતિ સિસોદિયા તથા કસ્તુરીબેનનું ગાંધીનગર રેલવે સ્ટેશને ભવ્ય સ્વાગત કરાયું : ગાંધીનગરના મેયર સહિત મનપાના હોદ્દેદારો, કોર્પોરેટર્સ ઉપસ્થિત રહ્યા : ખેલાડીઓનું ડીજેના તાલે વિજય સરઘસ યોજી સાઈ સંકુલ ખાતે પણ સન્માન કરાયું**




ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના યુવા કુસ્તીબાજ પહેલવાનોએ તુર્કીમાં રમાયેલ વર્લ્ડ સ્કૂલ ગેમ્સ-૨૦૧૬માં ત્રણ ત્રણ મેડલ મેળવી સમગ્ર વિશ્વમાં ડંકો વગાડી દીધો છે. આ ત્રણે વિજેતા ખેલાડીઓનું આજે ગાંધીનગર રેલવે સ્ટેશન પર ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ અને ડીજેના તાલે તેમનું વિજય સરઘસ કાઢી સાંઈ સંકુલ ખાતે પણ તેમનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ જીત્યા હોય તેવા ખેલાડીઓનું સ્વાગત-સન્માન કરાયું છે. તુર્કી ખાતે યોજાયેલ વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં સાઈના પહેલવાન અમીન શરીફ જેમણે ૪૬ કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ મેડલ, જ્યોતિ સિસોદિયા જેમણે ૪૩ કિગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ અને કસ્તુરીબેન જેમણે ૬૩ કિગ્રા કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. ત્રણેય ખેલાડીઓ આજે રેલવે દ્વારા બપોરે ૩.૪૦ કલાકે ગાંધીનગર પરત આવી પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન મનુભાઈ પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, કોર્પોરેટર નાઝાભાઈ ધાંધર તથા શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, અગ્રણી સંજીવભાઈ મહેતા, સાઈના રિજિયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુ સહિત તમામ રમતના પ્રશિક્ષકો, કર્મચારી ગણ અને તાલીમ

● અનુસંધાન પાન-૭ પર

## ખેલાડી મેડલ જીતે તેનુ મહત્વ વધુ હોય છે

વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં કુસ્તીની રમતમાં ચંદ્રક જીતી ગાંધીનગરને ગૌરવ અપાવનાર ખેલાડીઓ અમીન શરીફ, જ્યોતિ સિસોદિયા તથા કસ્તુરીબેનના ભવ્ય સ્વાગતમાં કોર્પોરેટર નાઝાભાઈ ધાંધરે પહેલવાન અમીન શરીફને પોતાના ખભે ઊંચકી નૃત્ય કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે નાઝાભાઈ ધાંધર પોતે સાઈના આંતરરાષ્ટ્રીય કક્ષાના એથ્લેટ રહી ચૂકયાં છે. તેઓ ગોળાફેંકના ખેલાડી હતા. આ નાતે સાઈ સંકુલમાં ખેલ તથા ખેલાડીઓની મદદ માટે તેઓ હંમેશા તૈયાર રહે છે. મેડલ વિજેતા ખેલાડીઓને હનુમાનજીની મૂર્તિ તથા એક એક કિલો શુદ્ધ ઘીના ડબ્બાથી સન્માન કરવામાં આવ્યું હતું.

# જિલ્લાની ૧૯૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તૈયારીઓ

**દહેગામની ૮૬, ગાંધીનગરની ૬૮, માણસાની ૨૫ અને કલોલની ૨૪ ગ્રામ પંચાયતોમાં યોજાશે ચૂંટણી**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લામાં ૧૯૩ ગ્રામ પંચાયતોની મુદત ડિસેમ્બરમાં પૂર્ણ થઈ રહી છે ત્યારે ત્યાં ચૂંટણીઓ યોજવા માટેની તંત્ર દ્વારા ધીમી ગતિએ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ પંચાયતોનું ચૂંટણી માટેનું નવું સીમાંકન તૈયાર કરી દેવામાં આવ્યું છે અને હવે રોટેશન પ્રમાણે બેઠકોની ફાળવણી તેમજ અન્ય આનુષંગિક બાબતો સાથેની દરખાસ્તો તૈયાર કરી રાજય ચૂંટણી પંચને મંજૂરી માટે મોકલવામાં આવશે.

આ અંગેના જાહેરનામા પ્રસિધ્ધ કરાયા બાદ વાંધા સૂચનો સાંભળી આખરી સીમાંકનના હુકમો થશે. મતદાર યાદીઓ પણ અદ્યતન જે તે ગામોની કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા હાલ ધીમી ગતિએ કાર્યવાહી ચાલી રહી છે પરંતુ આગામી મહિનાથી તેમાં ગતિ આવશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામોને ધ્યાને રાખી સીમાંકન કરવામાં આવેલ છે. મતદાર યાદી ૧-૧૦-૨૦૧૭ પ્રમાણેની રાખવામાં આવે તેવી શકયતાઓ છે. આ ચૂંટણી માટેની સત્તા જે તે જિલ્લા કલેકટરને પ્રાંત અધિકારીઓને આપવામાં આવેલી છે તે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં જે ૧૯૩ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે તેમાં દહેગામના ૮૬, ગાંધીનગરના ૬૮, માણસાના ૨૫ અને કલોલના ૨૪ ગામોનો સમાવેશ થાય છે.

આ માટે તંત્ર દ્વારા હાલ તદ્દન પ્રાથમિક તૈયારીઓ આરંભાઈ છે. આ માટેના મતદાનમથકો અને વોર્ડ રચનાની કામગીરી પૂર્ણ કરવા માટેની તૈયારીઓ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. આ પછી બેઠકોના રોટેશન નિયત કરવાની કામગીરી હાથ ધરાશે. નવા નિયમો પ્રમાણે આ ચૂંટણીઓ યોજવામાં આવનાર છે.

# ગુણોત્સવ-૬માં નબળા પરિણામવાળી શાળાઓના અપગ્રેડેશન માટે કાર્ય-યોજના તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ-૬ના પરિણામોમાં સી અને ડી ગ્રેડ મેળવનાર શાળાઓના અપગ્રેડેશન માટે ઉપચારાત્મક વર્ગો ઉપરાંત એક ખાસ કાર્યયોજના હેઠળ કામગીરી કરવામાં આવશે. આ માટેની કાર્યયોજના એક સપ્તાહમાં તૈયાર કરવા માટે શાળાના આચાર્યોને જણાવાયું છે.

જિલ્લાની ૫૫ શાળાઓ સી અને ડી ગ્રેડમાં આવી છે. જેમાં ૨૬ પ્રા. શાળાઓ જિલ્લા પંચાયત હસ્તકની છે તો ૨૯ પ્રા. શાળાઓ ગ્રાન્ટ ઈનએઈડ સંસ્થાઓનો સમાવેશ થાય છે.

આજે આ શાળાના આચાર્યો સાથે શિક્ષણ વિભાગના તજજ્ઞો અને અધિકારીઓ તેમજ વહીવટીતંત્રના અધિકારીઓની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં શાળાના પરિણામોની સુધારણા માટેની આખા વર્ષની કાર્યયોજના તૈયાર કરવા જણાવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર


**ટચુકડી જાહેર ખબર**

દર ગુરૂવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧



**બાયડ નગરપાલિકા** જી.અરવલ્લી

**જાહેર નિવિદા**

બાયડ નગરપાલિકાથી નીચે મુજબના કામો માટે ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ |
|---|---|
| ૧. | બાયડ નગરપાલિકામાં હીરો કંપની સ્પલેન્ડર મોટર સાયકલ ઓથૉરાઈઝ ડીલર/સબ ડીલર પાસેથી ભાવો મેળવવા બાબત. |
| ૨. | એટલાસ કંપનીની ૨૦થી ૨૨ ઈંચ સાઈઝની તમામ સ્ટાન્ડર્ડ એસેસરીઝ સાથેની સાયકલો ખરીદવા અંગેના ભાવો મેળવવા બાબત. |
| ૩. | નગરપાલિકાના વિવિધ વિભાગોના કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ મટેરીયલના રેઈનકોટ ખરીદવા અંગેના ભાવો મેળવવા બાબત. |
| ૪. | વરસાદી પાણી નિકાલ સારૂ હેવી ડી-વોટરીંગ પંપ લોખંડની ટાયર ચેસીસ ઉપર ફીટ કરી ટ્રેકટર સાથે જોડી ચાલુ કરી આપવા સાથેના ખરીદવા અંગેના ભાવો મેળવવા બાબત. |
| ૫. | બાયડ નગરપાલિકા હસ્તકના કોમ્પ્યુટરો નગરપાલિકાથી વિગતો મેળવી રીપેરીંગ કરી ચાલુ કરવા અંગેના ભાવો મેળવવા બાબત. |
| ૬. | બાયડ નગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં મુકેલ સી.સી.ટીવી કેમેરા અંગે નગરપાલિકા કચેરીથી વિગતો મેળવી સ્થળ ખાતરી કરી બંધ સી.સી.ટીવી કેમેરાના જરૂરી ફોલ્ટ/ખામી શોધી તે રીપેરીંગ કરી ચાલુ કરી આપવાના જરૂરી માલ સામાન સાથેના ભાવો મેળવવા બાબત. |
| ૭. | બાયડ નગરપાલિકા હસ્તકના બાયડ-મોડાસા-કપડવંજ રોડ બાયડ-દહેગામ રોડ, બાયડ-ગાબટ રોડ તથા અન્ય વિસ્તારોમાં આવેલ ઈલેકટ્રીક પોલ ઉપર વાર્ષિક ધોરણે જાહેરાતોના બોર્ડ/હોડીગ્સ નગરપાલિકાથી જણાવ્યા મુજબની સાઈઝમાં પ્રસિધ્ધ કરવા અંગે ઈજારો રાખવા અંગેના ભાવો મેળવવા બાબત. (વધુ વિગત નગરપાલિકા કચેરીએથી મેળવવી) |
| ૮. | બાયડ ન.પા.હસ્તકના પાણીના બોરમાં ઉતારેલ સબમર્શીબલ મોટરો કાઢવા તથા ઉતારવા અંગેની વાર્ષિક ધોરણે ભાવો મેળવવા બાબત. |
| ૯. | બાયડ નગરપાલિકા વિસ્તારમાં નાખેલ સોલર લાઈટની સર્વે કરી તેમાં થયેલ ફોલ્ટ શોધી તે અંગે સોલર પેનલ બોર્ડ,જરૂરી બેટરી (એકસાઈડ કંપનીની) લોખંડનો પોલ એલ.ઈ.ડી લાઈટ તથા ફિકચર,બેટરી બોકસ વિગેરે જરૂરી માલસામાનના તથા તે માલસામાન જરૂરીયાત મુજબ નાખી સોલર લાઈટ પોલ ચાલુ કરી ફિટીંગ સાથેના ભાવો મેળવવા બાબત. |

ઉપરોકત કામો માટેના ભાવો જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં રસ ધરાવતી એજન્સીઓ/વેપારીઓએ પ્રમુખશ્રી/ચીફઓફીસરશ્રી બાયડ નગરપાલિકાના સરનામે સીલબંધ કવરમાં પોતાના ભાવ પત્રકો રજી.પોસ્ટ/રૂબરૂ મોકલી આપવા જણાવવામાં આવે છે. સીલબંધ કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે. ઉપરોકત આવેલ ભાવપત્રકો મંજુર/નામંજુર કરવાનો અબાધીત અધિકાર નીચે સહી કરનારને રહેશે.

સ્થળ :- બાયડ
તા.૨૦-૭-૨૦૧૬

શ્રી એલ.બી.દેસાઈ
ચીફ ઓફીસર
બાયડ નગરપાલિકા

શ્રી વરૂણ એસ.પટેલ
પ્રમુખ
બાયડ નગરપાલિકા


## બેસણું




અમારા ભાઈશ્રી **દાનુભા જીલુભા ઝાલા (ડી. જે. ઝાલા)** (નિવૃત્ત નાયબ સચિવશ્રી, ગામ ખેરાળી, હાલ-ગાંધીનગર) તા. ૧૭/૭/૨૦૧૬ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૨૧/૭/૨૦૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** રાખેલ છે.

**સ્થળ : રંગમંચ, મહારાણા પ્રતાપ વિદ્યાલયની સામે, સેક્ટર-૨૭, ગાંધીનગર**

| | |
|---|---|
| ભરતસિંહ દાનુભાઈ ઝાલા | લી. |
| વનરાજસિંહ જટુભા ઝાલા | ખુમાનસિંહ જીલુભા ઝાલા |
| ડો. રઘુવીરસિંહ જટુભા ઝાલા | જટુભા જીલુભા ઝાલા |
| હરીહરસિંહ જટુભા ઝાલા | મો. ૯૪૨૭૩ ૦૩૧૧૪ |

## ભાવાંજલિ



**સ્વ. કાસમભાઈ તિરમીઝી**

સ્વ. તા. ૧૬/૭/૨૦૧૬

સૌજન્ય, સદ્દભાવન, સ્નેહ જેનો સ્વભાવ હતો,
સહજતા, સેવા, સૌમ્યતા જેના સદ્દગુણો હતા,
પરહિત, પ્રેમ અને લાગણીશીલતા જેની કર્મનિષ્ઠા
હતી તેવા દિવ્ય આત્માને ભાવાંજલિ
પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**ગિયોડ સમસ્ત ગામ પરિવાર તરફથી**


**ૐ શ્રીજી કોમ્પ્યુટર એજ્યુકેશન**

માત્ર એક ડગલું આપના ઉજ્જવળ ભવિષ્ય માટે

**કોમ્પ્યુટર કોર્ષ**

| | |
|---|---|
| CCC | સરકારી સીધી ભરતી માટે (સરકાર માન્ય સર્ટી) |
| M.S. Office | Word, Excel, Power Point, Intenet |
| Tally ERP.9 | Basic of Account, Vat S.Tax, TDS, PF, ESI, Pay Roll |
| Typing | Gujarati / English Type |
| Ad. Excel | |
| Personality Development | |
| Interview Technique | |

સ્પર્ધાત્મક પરીક્ષા માટે કોમ્પ્યુટર ટ્રેનીંગ

પ્લોટ નં. ૨૭૮/૧, સેક્ટર-૪/એ, શ્રી હનુમાનજી શનિદેવ મંદિર પાસે, ગાંધીનગર. મો. ૯૯૭૯૮ ૪૮૯૫૦



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com